

# સ્ત્રીઓ કે વાર્તાઓ, કોઈની 'એક્સપાયરી' નથી હોતી!

# કાજલ અગ્રવાલ

સિનેમામાં લગભગ બે દાયકા પસાર કર્યા પછી કાજલ અગ્રવાલ હવે એવા તબક્કે પહોંચી ગઈ છે, જ્યાં તેના માટે અર્થપૂર્ણ વાર્તા અને યાદગાર અભિનય વધુ મહત્વ ધરાવે છે. 'સિંઘમ' ફિલ્મની અભિનેત્રી કાજલ તેની તેલુગુ ફિલ્મોની સફર અને હિન્દી ફિલ્મોમાં કામ કરવાનો અનુભવ આપણી સાથે શેર કરે છે. પોતાના કામ સાથે માતૃત્વની જવાબદારીનું સંતુલન તે કેવી રીતે જાળવે છે અને સિનેમા જગતમાં સ્ત્રીઓ પ્રત્યેનો દૃષ્ટિકોણ કેટલો બદલાયો છે, તે વિશે કાજલ અહીં ખુલ્લા દિલે વાત કરે છે.

**ફિલ્મ 'લક્ષ્મી કલ્યાણમ'થી 'ધ ઈન્ડિયા સ્ટોરી' સુધીની તારી અભિનેત્રી તરીકેની સફરને તું કેવી રીતે જુએ છે?**

હું તેને ખૂબ જ કૃતજ્ઞતા સાથે જોઉં છું. જ્યારે મેં શરૂઆત કરી હતી ત્યારે હું એક ટીનેજર હતી, જેના મનમાં મોટા સપનાઓ હતાં અને કોઈ ફિલ્મી બેકગ્રાઉન્ડ નહોતું. અભિનય, સિનેમા અને આ વ્યવસાય વિશે હું જે કંઈ જાણું છું, તે બધું કામ કરતાં કરતાં શીખી છું. લગભગ બે દાયકાઓ દરમિયાન મેં વિવિધ ભાષાઓ, શૈલીઓ અને કેટલાક અદ્ભુત ફિલ્મ નિર્માતાઓ સાથે કામ કર્યું છે. સફળ ફિલ્મ હોય કે પડકારજનક ફિલ્મ, દરેક ફિલ્મે મારું ઘડતર કર્યું છે. મારી કારકિર્દીનું મૂલ્યાંકન હું કેટલી ફિલ્મો કરી છે તેના આધારે નહીં, પરંતુ મારો કેટલો વિકાસ થયો છે અને હું આજે પણ કામ કરવા માટે કેટલી ઉત્સાહિત છું તેના આધારે કરું છું. 'ધ ઇન્ડિયા સ્ટોરી' એવી ફિલ્મ છે, જેમાં ફિલ્મનો હેતુ અને અભિનય - બંને ખૂબ મહત્વ ધરાવે છે.

શો-શા

**કોઈ સામાજિક મુદ્દા પર બનેલી ફિલ્મ કરવી એટલે શું એવું માનવું કે, એક કલાકાર તરીકે ઓડિયન્સ પ્રત્યે તમારી જવાબદારી વધી જાય છે?**

મને લાગે છે કે કલાકારોનો સમાજ પર પ્રભાવ હોય છે અને પ્રભાવ સાથે જવાબદારી પણ આવે છે. દરેક ફિલ્મ સામાજિક સંદેશ આપતી જ હોવી જોઈએ એવું જરૂરી નથી, કારણ કે સિનેમા મનોરંજન માટે પણ હોય છે. પરંતુ જો કોઈ ફિલ્મ અર્થપૂર્ણ વાર્તા લઈને આવતી હોય અને તેને સારી રીતે રજૂ કરવામાં આવી હોય, તો તેવી ફિલ્મનો હિસ્સો બનવું જોઈએ. જો કોઈ ફિલ્મ લોકો પર પ્રભાવ પાડી શકે, તેમને પ્રશ્નો પૂછવા પ્રેરિત કરી શકે અને એક પરિવારની વિચારસરણી કે આદતોમાં પરિવર્તન લાવી શકે, તો એવી ફિલ્મ કરવી ખરેખર સાર્થક છે.

**તારા દીકરા અને તારા કામ વચ્ચે તું કેવી રીતે સંતુલન જાળવે છે? શું તે સમજે છે કે મમ્મીએ પણ કામ કરવું જોઈએ?**

માતૃત્વે મારી પ્રાથમિકતાઓ બદલી નાખી છે. મારો જુસ્સો અકબંધ રહ્યો છે, પરંતુ મારો દૃષ્ટિકોણ ચોક્કસ બદલાયો છે. હું પ્રોજેક્ટ્સ પસંદ કરવામાં અને તેમનું શેડ્યૂલ નક્કી કરવામાં ખૂબ સાવચેત રહું છું. હું મારા દીકરા સાથે ક્વોલિટી ટાઈમ પસાર કરવા પર ખાસ ધ્યાન આપું છું. મારો દીકરો હવે સમજવા લાગ્યો છે કે પપ્પાની જેમ મમ્મી પણ કામ પર જાય છે. બાળકો ભલે આપણા વ્યવસાયને સંપૂર્ણ રીતે ન સમજે, પરંતુ તેઓ પ્રેમ, તમારી હાજરી અને સતત મળતો સમય જરૂર સમજે છે. તેથી જ્યારે પણ હું તેની સાથે હોઉં છું, ત્યારે સંપૂર્ણપણે તેની સાથે જ રહું છું.

**કલાકારો, ટેક્નિશિયનો અને પ્રેક્ષકો હવે ભારતીય સિનેમાને એક જ ઇકોસિસ્ટમ તરીકે સ્વીકારી રહ્યા છે અને મને લાગે છે કે આ એક ખૂબ જ સકારાત્મક સર્જનાત્મક પરિવર્તન છે**

**તે તેલુગુ અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી - બંનેમાં કામ કર્યું છે. બંનેની કાર્યપદ્ધતિમાં તને શું તફાવત લાગે છે?**

હું નસીબદાર છું કે મને અનેક ફિલ્મ ઇન્ડસ્ટ્રીઓમાં કામ કરવાની તક મળી છે. દરેક ઇન્ડસ્ટ્રીનું પોતાનું અલગ કલ્ચર હોય છે. સાઉથની ફિલ્મ ઇન્ડસ્ટ્રી તેના અનુશાસન, પ્લાનિંગ અને કાર્યક્ષમતા માટે જાણીતી છે. જ્યારે હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રી વાર્તા કહેવાની શૈલી અને સર્જનાત્મકતાની વિવિધતા માટે જાણીતી છે. આજે મને લાગે છે કે બંને વચ્ચેની ભેદરેખા ઘણી પાતળી થઈ ગઈ છે. કલાકારો, ટેક્નિશિયનો અને પ્રેક્ષકો હવે ભારતીય સિનેમાને એક જ ઇકોસિસ્ટમ તરીકે સ્વીકારી રહ્યા છે અને મને લાગે છે કે આ એક ખૂબ જ સકારાત્મક સર્જનાત્મક પરિવર્તન છે.

**શું તને લાગે છે કે ઉંમરને લઈને થતી ટીકાઓને હેન્ડલ કરવી મુશ્કેલ છે? ૭૦ વર્ષના પુરુષ કલાકારો આજે પણ લીડ રોલ મેળવી શકે છે, જ્યારે મહિલા કલાકારોને ઘણી વખત એ જ દૃષ્ટિએ જોવામાં આવતી નથી. આ વિશે તારું શું માનવું છે?**

મને લાગે છે કે હવે પરિસ્થિતિ ધીમે-ધીમે બદલાઈ રહી છે, જે ખૂબ સારી વાત છે. હા, પહેલાં મહિલા કલાકારો પ્રત્યેનો દૃષ્ટિકોણ અલગ હતો. પરંતુ આજે દર્શકો મહિલા કલાકારોને જીવનના દરેક તબક્કામાં સ્વીકારતા થયા છે. હું વ્યક્તિગત રીતે એવા તબક્કે પહોંચી ગઈ છું, જ્યાં હું ઉંમરને અનુરૂપ પાત્રો ભજવવાનો આગ્રહ રાખતી નથી. તેના બદલે હું રસપ્રદ અને પડકારજનક પાત્રો કરવાનું પસંદ કરું છું. મારા માટે મહત્વનું એ છે કે તે ભૂમિકા મને ઉત્સાહિત કરે, પડકાર આપે અને ફિલ્મની વાર્તામાં તેનું મહત્વનું યોગદાન હોય. હું એમ પણ માનું છું કે સતત એકસરખા રહેવાનો પ્રયાસ કરવા કરતાં સમય સાથે વિકાસ કરતા રહેવું વધુ જરૂરી છે. સ્ત્રીઓની અને સારી વાર્તાઓની કોઈ એક્સપાયરી હોતી નથી.

**તે અત્યાર સુધી જેટલી પણ ફિલ્મોમાં કામ કર્યું છે, તેમાં તારી કારકિર્દી માટે સૌથી વધુ મદદરૂપ કઈ ફિલ્મ રહી?**

મારી કારકિર્દીની દરેક ફિલ્મે મને કંઈક ને કંઈક શીખવ્યું છે. 'લક્ષ્મી કલ્યાણમ'થી મારી કારકિર્દીની શરૂઆત થઈ હતી. 'મગધીરા'થી મારી ઓળખ અને વિકાસ થયો. 'થુપ્પક્કી', 'સ્પેશિયલ 26' અને અન્ય ફિલ્મોએ મને વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવવાની અને અલગ-અલગ પ્રકારના દર્શકો સાથે જોડાવાની તક આપી. 'ધ ઇન્ડિયા સ્ટોરી' પણ મારા માટે ખૂબ મહત્વની ફિલ્મ છે, કારણ કે તે આજે હું જ્યાં છું તેનું પ્રતિનિધિત્વ કરે છે. મને એવી ફિલ્મો કરવી ગમે છે, જે મનોરંજનની સાથે મહત્વના પ્રશ્નો પણ ઉઠાવે. •

# Parineeti Chopra

# શું આજે પણ ઓડિશન આપે?




**લાઇફનું સૌથી બેસ્ટ ડિસિઝન કઈ?**
ફિલ્મોમાં આવવું.

**સૌથી મોટો કરિયર રિસ્ક કયો?**
ડિફરન્ટ ટાઈપના રોલ કરવાનું.

**એક ફ્લોપથી કેટલું શીખ્યા?**
હિટ કરતાં વધારે.

**ડ્રીમ રોલ હજુ બાકી છે?**
હા, હજુ ઘણાં.

**શું આજે પણ ઓડિશન આપે?**
સ્ક્રિપ્ટ સારી હોય તો હા.

**વર્કમાં મોટો પ્લસ પોઇન્ટ?**
ડેડિકેશન.

**કોઇ રોલ ફરી કરવો હોય તો?**
'ઇશ્કઝાદે'.

**વર્કમાં ક્યારે કોમ્પ્રોમાઇઝ કરે?**
ક્યારેય નહીં.

**લાઇફમાં સૌથી મોટો ટર્નિંગ પોઇન્ટ?**
ફર્સ્ટ ફિલ્મ.

**કયા પ્રોજેક્ટમાં વધુ બિઝી છે?**
નવી OTT સિરીઝમાં.

**નેક્ટસ્ ફિલ્મ કઈ છે?**
'તલાશ: અ મધર્સ સર્ચ'.

**OTT ડેબ્યૂ માટે એક્સાઇટેડ છે?**
ખૂબ જ.

**કયો રોલ વધુ ચેલેન્જિંગ લાગ્યો?**
'તલાશ'નો રોલ.

**બાયોપિક કે થ્રિલર, શું ગમે?**
બાયોપિક.

**કયા કો-સ્ટાર સાથે ફરી કામ કરવા માગે છે?**
અર્જુન કપૂર. •

# OTT પર પૂજા જોશીએ જમાવ્યો પોતાનો સિક્કો?

તાજેતરમાં જ રિલીઝ થયેલી અને બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહેલી ફિલ્મ 'વાંકી ચૂકી લવ સ્ટોરી'થી પૂજા જોશી ફરી એકવાર દર્શકો અને વિવેચકોના દિલ જીતવામાં સફળ રહી છે. પ્રખ્યાત ડિરેક્ટર ધ્વનિ ગૌતમના માર્ગદર્શન હેઠળ બનેલી આ ફિલ્મમાં પૂજાએ ભાવિન ભાનુશાલી અને પરીક્ષિત તમાલિયા સાથે સ્ક્રીન શેર કરી છે. રોમાન્સ, ફેમિલી ડ્રામા અને સસ્પેન્સથી ભરપૂર આ સિનેમામાં પૂજાના દમદાર અભિનયની ચારેય તરફ પ્રશંસા થઈ રહી છે.

માત્ર આ એક જ ફિલ્મ નહીં, પરંતુ તાજેતરના સમયમાં 'ફાફડા જલેબી' અને 'શાસ્ત્ર' જેવા હટકે વિષય ધરાવતા પ્રોજેક્ટ્સમાં પણ પૂજા પોતાની પાવરફુલ એક્ટિંગનો જાદુ ચલાવી ચૂકી છે. આટલું જ નહીં, મોટા પડદાની સાથે સાથે તે ડિજિટલ સ્પેસ એટલે કે OTT પ્લેટફોર્મ પર પણ પોતાના નવા પ્રોજેક્ટ્સ સાથે ધમાકો કરવા માટે સજ્જ થઈ રહી હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. સિલ્વર સ્ક્રીન ઉપરાંત લોકગાયક કીર્તીદાન ગઢવી સાથેનો તેનો તાજેતરનો મ્યુઝિક વીડિયો પણ સોશિયલ મીડિયા પર ખૂબ ટ્રેન્ડ કરી રહ્યો છે. પૂજાના આ સતત વ્યસ્ત શિડ્યુલ અને પ્રોજેક્ટ્સની પસંદગી પરથી સ્પષ્ટ થાય છે કે તે માત્ર પડદા પર દેખાવા ખાતર નહીં, પરંતુ દર્શકોના મનમાં કાયમ માટે છવાઈ જાય તેવા યાદગાર પાત્રો ભજવવા માંગે છે.

જોકે, આજે જે પૂજા જોશી ગુજરાતી સિનેમાની લીડિંગ એક્ટ્રેસ ગણાય છે, એક સમય હતો જ્યારે પૂજા માત્ર ટીવી સિરિયલ્સનો એક જાણીતો ચહેરો હતી. તેણે પોતાની એક્ટિંગ કરિયરનો પ્રારંભ ગુજરાતી ટેલિવિઝનની સુપરહિટ સિરિયલ 'કુમકુમના પગલાં પડ્યા'થી કર્યો હતો. આ સિરિયલમાં તેના સાહજિક અભિનયે તેને ગુજરાતના ખૂણે-ખૂણે ઘેરઘેર ઓળખ અપાવી.

ગુજરાતી ટીવી ક્ષેત્રે સફળતા મેળવ્યા બાદ પૂજાએ પોતાની પ્રતિભાનો વ્યાપ વધાર્યો અને હિન્દી ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીમાં પગ મૂક્યો. નેશનલ ટીવી પર 'કાલ ભૈરવ રહસ્ય' અને

**માત્ર આ એક જ ફિલ્મ નહીં, પરંતુ તાજેતરના સમયમાં 'ફાફડા જલેબી' અને 'શાસ્ત્ર' જેવા હટકે વિષય ધરાવતા પ્રોજેક્ટ્સમાં પણ પૂજા પોતાની પાવરફુલ એક્ટિંગનો જાદુ ચલાવી ચૂકી છે**

વાઈરલ

'ઈન્ટરનેટવાલા લવ' જેવા લોકપ્રિય અને પડકારજનક શોઝમાં તેના અભિનયની ગંભીરતાથી નોંધ લેવામાં આવી. ટીવી પર પોતાનો ડંકો વગાડ્યા પછી પૂજા જોશીએ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કદમ રાખ્યો. ફિલ્મોમાં પ્રવેશતાની સાથે જ તેણે સાબિત કરી દીધું કે તે એક જ પ્રકારના ટાઈપકાસ્ટ રોલ કરવાને બદલે પ્રયોગાત્મક અને મજબૂત પાત્રો પસંદ કરવામાં માનશે.

ફિલ્મ 'વીર-ઈશાનું સીમંત'માં વર્સટાઈલ એક્ટર મલ્હાર ઠાકર સાથેની પૂજાની જોડી દર્શકોને એટલી હદે પસંદ આવી કે આજે પણ આ બંનેની ઓનસ્ક્રીન કેમિસ્ટ્રીને ગુજરાતી ફિલ્મપ્રેમીઓ માટે સફળતાની ગેરંટી માનવામાં આવે છે.



પૂજાની સૌથી મોટી ખાસિયત એ છે કે તે લાઈટ-હાર્ટેડ કોમેડી હોય, કૌટુમ્બિક ડ્રામા હોય કે પછી કોઈ ગંભીર અને સંવેદનશીલ વિષય હોય - દરેક પ્રકારના રોલમાં પોતાની એક અલગ અને અમીટ છાપ છોડી જાય છે. પૂજા જોશી માત્ર રીલ લાઈફમાં જ નહીં પણ રિયલ લાઈફમાં પણ લોકોના દિલ જીતી રહી છે. સોશિયલ મીડિયાના આજના જમાનામાં તે સતત પોતાના ફેન્સ સાથે કનેક્ટેડ રહે છે. જો પૂજા આવનારા સમયમાં પણ આવી જ રીતે પડકારજનક, અર્થસભર અને ગુણવત્તાયુક્ત પ્રોજેક્ટ્સ પસંદ કરતી રહેશે, તો આગામી વર્ષોમાં તે ગુજરાતી સિનેમાના સૌથી મોટા મહિલા સુપરસ્ટાર્સની યાદીમાં મોખરે સ્થાન મેળવે તો એમાં જરાય નવાઈ નહીં હોય! •